# સિવિલ હોસ્પિટલમાં ૩.૪૮ લાખ દર્દીઓએ સારવાર લીધી...!

### રાજયભરની સરકારી હોસ્પિટલ્સ પૈકી સેવા અને સવલતની દૃષ્ટિએ શ્રેષ્ઠ ગણાતી ગાંધીનગર સિવિલનો બી.પી.એલ. કાર્ડ ધારકથી માંડીને વીવીઆઈપી દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૨૨

સૌ પ્રથમ એન.એ.બી.એચ. પ્રમાણીત રહી ચુકેલી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક વર્ષમાં ૩.૪૮ લાખથી પણ વધુ દર્દીઓએ સારવાર લીધી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મેડીકલ કોલેજમાં રૂપાંતરીત કર્યા બાદ પથારીઓમાં વધારો થવાની સાથો સાથ એવા અને સવલતોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે ત્યારે બી.પી.એલ. કાર્ડ ધારકથી માંડીને વી.વી.આઈ.પી. પણ આ હોસ્પિટલમાં સારવાર લેવા આવે છે તે બાબત નોંધનીય છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ રાજયભરની વિવિધ સિવિલ હોસ્પિટલ કરતાં સેવા અને સવલતની દૃષ્ટિએ અગ્રીમતા ધરાવે છે તે બાબત હોસ્પિટલને મળી ચુકેલા એન.એ.બી.એચ. પ્રમાણપત્રથી ફલિત થાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગરીબી રેખા હેઠળ આવતા દર્દીઓથી માંડીને મધ્યમ વર્ગીય ઉપરાંત વી.વી.આઈ.પી. દર્દીઓ પણ સારવાર લેતા હોવાના ઉદાહરણો છે ત્યારે તાજેતરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોલેજની મંજુરી બાદ મેડીકલ કોલેજનો દરજ્જો મળતાં તેમાં દર્દીઓ માટે પથારીઓથી માંડીને તમામ સેવા-સવલતો અને સ્ટાફમાં પણ વધારો થવા પામ્યો છે. વર્ષ ૨૦૧૨માં જાન્યુઆરીથી ડીસેમ્બર સુધીના સમયગાળા દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કુલ ૩,૪૮,૧૨૪ દર્દીઓએ સારવાર લીધી હોવાના રેકોર્ડ હોસ્પિટલ તંત્રના ચોપડે નોંધાયેલા છે. જેમાં ૩,૨૦,૧૦૨ દર્દીઓએ ઓ.પી.ડી. સારવાર લીધી હતી અને ૨૮,૦૨૨ દર્દીઓ ઈનડોર થયા હતાં. ઉલ્લેખનીય બાબત એ છે કે મેડીકલ કોલેજ શરુ થઈ જતાં હવે સેવા-સવલતોનો હજુ પણ વધુ દર્દીઓ લાભ લઈ શકશે.

## રોટરી કલબ તરફથી પોલીયો અભિયાન



પોલીયો રસી પિવડાવાના અભિયાનમાં રોટરી કલબ ગાંધીનગર તરફથી ૫ વર્ષથી નાના બાળકોને ઘરે ઘરે પહોંચી પોલીયોના બે ટીપાં પીવડાવ્યા હતા. આ અભિયાનમાં રોટરી પ્રમુખ સમીર ત્રિવેદી, કમલ જૈન, મેહુલ મહેતા, ઉર્મીલ વૈદ, કિરણ પટેલ, દિલીપ પટેલ, સુકેતુ મહેતા, ચૈતન્ય શુક્ત તથા ડો. ગુજરન જૈન જોડાયા હતા.

## ખડાયતા સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૨

શ્રી સમસ્ત ખડાયતા સમાજ, ગુજરાત, ગાંધીનગરના પૂર્વ પ્રમુખ ડી.એફ. શાહના પુત્ર તુષાર શાહની તાજેતરમાં ભારત સરકારના ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફ.સી.આઈ.) નવી દિલ્હી દ્વારા ગુજરાત રાજયના કોન્સ્યુલેટીવ કમિટિ મેમ્બર તરીકે નિમણુંક કરવામાં આવી છે તે બદલ તેમના પરિવારજનોએ અને સમાજે હાર્દિક શુભેચ્છા વ્યકત કરી છે.



## દુઃખદ અવસાન

બોરીજ ગામની દૂધ ઉત્પાદન મંડળીના ચેરમેન પ્રધાનજી ફતાજી ઠાકોરનો તા. ૨૧મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ થયો હતો. સદ્‌ગતનું બેસણું-સુવાળા-તા. ૨૪મી જાન્યુઆરી ૨૦૧૩ને ગુરુવારના રોજ નવાપરા, મુ. બોરીજ, તા.જિ. ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે. તેમ સમસ્ત ઠાકોર પરિવાર બોરીજે જણાવ્યું છે.

## વિસનગર નાગર પરિવારનો ત્રીજીએ સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

શ્રી વિસનગર નાગર પરિવાર ગાંધીનગરનો ૧૯મો સ્નેહમિલન તથા પારિતોષિક વિતરણ સમારંભ તા. ૩જી ફેબ્રુઆરીના બપોરે ૩.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલમાં યોજવામાં આવશે. સમારંભના પ્રમુખ સ્થાને ઉરેશભાઈ આઈ. મહેતા ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે પરિવારના સંતાનોને ગુણ પત્રકોના આધારે પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે. ૭૫ વર્ષ પુરા કરનાર વડીલોને તથા વિશિષ્ટ સિદ્ધિઓ મેળવી હોય તેવા મહાનુભાવોનું સન્માન કરવામાં આવશે. પ્રમુખ ડૉ. પ્રમોદચંદ્ર મહ્તા, તથા મમહામંત્રી મહેશ રાવલે નાગર પરિવારના તમામ સભ્યો પોતાના પરિવાર સહિત ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

## જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર યુવા બ્રહ્મ સમાજે ત્રિવેણી કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર અને યુવા બ્રહ્મ સમાજ ગાંધીનગરના ઉપક્રમે રકતદાન, ચક્ષુદાન અને વિનામુલ્યે ડાયાબીટીસ ચેક અપ કેમ્પનો ત્રિવેણી સંગમ બ્રહ્મભવનમાં યોજાયો હતો. જેમાં ૬૩ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. ૬૫ વ્યક્તિઓએ ચક્ષુદાન માટેનો સંકલ્પ કર્યો હતો. ૭૦ જેટલા ડાયાબિટીસ ચેક કરાવ્યો હતો..

જાયન્ટસ ગૃપના પ્રમુખ ચિરાગ જોશી સહિત તમામ સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## જાયન્ટસ્ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન દ્વારા સ્વૈચ્છિક રકતદાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨

એકતાલીસ ગામ ઉત્તર ગુજરાત કડવા પાટીદાર સમાજના સ્નેહ મિલન સમારોહ પ્રસંગે જાયન્ટસ્ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન- દ્વારા પ્રભા હનુમાન મંદિર, જમીયતપુરા, તા. જિ. ગાંધીનગર ખાતે સ્વૈચ્છિક રકતદાન શિબિર યોજાઈ હતી. કેન્સરના દર્દીઓના લાભાર્થે યોજાયેલ રકતદાન શિબિરમાં ૨૩ બોટલ બ્લડ એકત્રીત થયું હતું.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર-મેઈન દ્વારા પ્રભા હનુમાન મંદિર, જમીયતપુરા, તા. જી. ગાંધીનગર ખાતે તા. ૨૦-૧-૨૦૧૩ના રોજ એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદમાં દાખલ થયેલા કેન્સરના દર્દીઓના લાભાર્થે સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરેલ હતું. આ રકતદાન કેમ્પમાં ૨૩ બોટલ બ્લડ મળેલ હતું જે એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડ અમદાવાદમાં જમા કરાવવામાં આવી છે.

૪૧ ગામ ઉત્તર ગુજરાત કડવા પાટીદાર સમાજના સ્નેહ મિલન સમારોહમાં જાયન્ટસ ગૃપ દ્વારા રકતદાન કેમ્પ યોજીને ઉત્તમ ઉદાહરણ પુરુ પાડેલ છે. ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેન્ક લિ.ના પૂર્વ મેનેજીંગ ડીરેકટર પરસોતમભાઈ પટેલે રક્તદાતાઓને બે ડબ્બાઓનું સુંદર ટિફીન ભેટ આપી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના પ્રમુખ બાબુભાઈ એમ. પટેલ, ડાયરેક્ટર ઓફ એડમીનીસ્ટ્રેશન રમેશભાઈ આઈ. પટેલ, જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન ૩સી.ના યુનીટ ડાયરેક્ટર સાંકાભાઈ જે. પટેલ વગેરેએ કેમ્પના પુરા સમય દરમ્યાન હાજરી આપી કેમ્પની સફળતામાં સહભાગી થયા હતા.

અમદાવાદની સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલના અનુભવી ડોકટર્સ તથા અન્ય કર્મચારીગણ તેમની એ.સી. વાન સાથે હાજર રહેલ હતા અને એ.સી. વાનમાં રક્તદાન કરવામાં આવ્યુંહતું. એમ અખબારી યાદીમાં જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના ડાયરેક્ટર ઓફ એડમીનીસ્ટ્રેશન રમેશભાઈ આઈ. પટેલે જણાવ્યું છે.

## હત્યા કરેલી હાલતમાં મળેલી મહિલાની ઓળખ માટે ૧૦૦થી વધુ નિવેદનો લેવાયા

### મજુરોથી માંડીને કરિયાણાનાં દુકાનદારો પાસે જઈને પોલીસે મૃતક મહિલાના ફોટા બતાવ્યા પણ હજુ તેની ઓળખ અકબંધ

ગાંધીનગર, તા. ૨૨

સરગાસણ ગામના સ્મશાનમાં હત્યા કરી દેવાયેલી હાલતમાં મળી આવેલી અજાણી ૩૫ વર્ષીય મહિલાની ઓળખ હજુ સુધી છતી થઈ શકી નથી. આ હત્યા કેસની તપાસ કરતી પોલીસને હજુ સુધી આ અંગેની કોઈ કડી મળી શકી નથી. જો કે ઓળખ માટે પોલીસે અત્યાર સુધી આસપાસની તમામ બાંધકામ સાઈટ પર કામ કરતાં મજુરોથી માંડીને કરીયાણા સહિતની દુકાન ચલાવતા દુકાનદારો પાસે જઈ જઈને મૃતક મહિલાનો ફોટો બતાવી આ પ્રકરણે ૧૦૦થી વધુ વ્યકિતઓના નિવેદનો નોંધ્યા છે જો કે હજુ સુધી આ અજાણી મહિલાની ઓળખ થઈ શકી નથી.

સરગાસણ ગામના સ્મશાનમાં બેરહેમીપૂર્વક એક અજાણી આશરે ૩૫ વર્ષની મહિલાની હત્યા કરી દેવામાં આવી હતી. આ ચર્ચાસ્પદ હત્યા કેસમાં પોલીસને હજુ સુધી હત્યારા સુધી પહોંચવાની કોઈ જ કડી મળી શકી નથી કે હજુ સુધી તે મહિલાની પણ ઓળખ થઈ શકી નથી. મૃતક મહિલાની ઓળખ સ્પષ્ટ થાય ત્યારબાદ હત્યારા સુધી પહોંચવા પોલીસને વધુ સમય લાગશે નહીં તેમ ચોકકસપણે આ કિસ્સામાં કહી શકાય તેમ છે કેમ કે હજુ સુધી આ મહિલાના ગુમ થયા અંગેની પણ કોઈ જાણવાજોગ અરજી પરીવારજનો દ્વારા કરવામાં ન આવી હોવાથી સૌથી મોટી શંકા આ બાબત જન્માવે છે. આ મૃતક મહિલાની ઓળખ માટે સે-૭ પોલીસે સરગાસણની આસપાસની બાંધકામ સાઈટ તથા તેમાં કામ કરતા મજુરો, ઘંટીઓ, કરિયાણા સ્ટોર્સ, ટેલર્સ શોપ સહિતની દુકાનોમાં જઈ જઈને દુકાનદારો ઉપરાંત ગામના આગેવાનોને ફોટો બતાવીને ઓળખ બહાર લાવવાના પ્રયત્નો કર્યા છે તે ઉપરાંત વિવિધ ૧૦૦થી વધુ વ્યકિતઓના આ પ્રકરણમાં નિવેદનો લેવાયા છે તેમ છતાં તેણીની ઓળખ સ્પષ્ટ થઈ શકી નથી.



મહારાષ્ટ્ર સમાજની સૌભાગ્યવતી મહિલાઓએ મકર સંક્રાંતિ નિમિત્તે હળદર-કંકુનો કાર્યક્રમ કર્યો

સે. ૨૧ મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર ખાતે પ્રતિવર્ષની જેમ આ વર્ષેય સૌભાગ્યવતી મહિલાઓનું મકર સંક્રાંતિએ સ્નેહ મિલન યોજાયું. અઢીસોથી વધુ મહિલાઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો. સૌભાગ્યવતી મહિલાઓને હળદર-કંકુ લગાડી એમનાં સૌભાગ્યના દિર્ઘાયુની પ્રાર્થના કરવામાં આવે છે.

આવેલા સૌને તલ-સાંકળી આપી 'તિળ-ગુળ દયા ગોડ ગોડ બોલા' ની શુભેચ્છાઓ અપાય છે. દરેક મહિલાને ભેટમાં કંઈક નાની-મોટી વસ્તુઓ અપાયછે. સૌ મહિલાઓ સાજ-શણગાર કરી આ કાર્યક્રમને મનાવે છે.

## અખિલ ગુજરાતી ખેડાલ મનસુરી સમાજનો ૨૬મીએ સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

અખિલ ગુજરાતી ખેડાલ મનસુરી સમાજ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ યાકુબભાઈ મનસુરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૩ને શનિવારે બપોરે ૧.૩૦ કલાકે ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે સમાજના તેજસ્વી તારલા, સરકારી નિમણૂંક અને સરકારી નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારંભ યોજાશે.

મનસુરી સમાજ દર વર્ષે સમાજના તેજસ્વી બાળકોને સન્માનવાનો કાર્યક્રમ યોજે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજના તેજસ્વી તારલાઓ તથા હાજી-હાજીયાણી અને સરકારી નિમણૂંક થઈ હોય કે નિવૃત્ત થયા હોય તેવા કર્મચારીઓને તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૩ને શનિવારે બપોરે ૧.૩૦ કલાકે ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે સન્માનવામાં આવશે. સમાજના નિમંત્રિત વિદ્યાર્થીઓ અને વાલીઓને ઉપસ્થિત રહેવા પ્રમુખે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## જુ.સિ.કા. દ્વારા ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન કરાયું

ગાંધીનગર, તા.૨૨

વિકાસશીલ સમાજમાં અને મેડીકલ ક્ષેત્રે અનેક અવનવા પરિવર્તનો થઈ રહ્યા છે ત્યારે તબીબો માનવ શરીરના અંગોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી શકે અને વિશેષ સંશોધનો કરી શકે તે માટે તેઓને સ્થૂળદેહની જરૂર પડતી હોય છે. આપણા સમાજના ઉચ્ચ વિચારસરણીવાળા કુટુંબો આ બાબતને સમજી દેહદાન કરતા હોય છે. આવું જ એક ગાંધીનગર સેકટર-૩૦ના પ્લોટ નં. ૫૯૨/૨ ખાતે રહેતા વિકાસભાઈ પટેલના પિતાશ્રીનું દેહદાન જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગરના સહયોગથી મેડીકલ કોલેજને મળ્યું છે.

વિકાસભાઈ પટેલની સંમતિથી સ્વ. પ્રહલાદભાઈ પટેલનું દેહદાન ગાંધીનગર મેડીકલ કોલેજને મળ્યું છે. ગાંધીનગર મેડીકલ કોલેજના તબીબ ડૉ. પદ્માબેન, વિદ્યાર્થીઓ તેમજ સમસ્ત કર્મચારી ગણ દ્વારા દેહદાન સ્વીકારવામાં આવ્યું હતું. સંસ્થાના કાર્યકરો સર્વશ્રી દિનેશ દવે, દિલીપ દંતાણી, સન્ની વાઘેલા, બાબુલાલ ચૌહાણ દ્વારા સંપૂર્ણ કામગીરી કરવામાં આવી હતી.

## જુ.સિ.કા. અને જાયન્ટ ગૃપ દ્વારા રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

જુનિયર સિટીઝન કાઉન્સીલ ગાંધીનગરના પ્રમુખ કમલ ચૌધરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જુનિયર સિટીઝન કાઉન્સિલ અને જાયન્ટ ગૃપ ઓફ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તાજેતરમાં સેકટર-૧૬ના બ્રહ્મભવન ખાતે રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં ૪૩ રકત બોટલો એકત્રીત થઈ હતી.

બ્રહ્મભવન સેકટર-૬ ખાતે જુ.સિ.કા. અને જાયન્ટ ગૃપ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડાયાબિટીસ ચેક અપ તથા ચક્ષુદાન સંકલ્પ ફોર્મ પણ ભરાવવામાં આવ્યા હતા. રકતદાન શિબિરમાં નગરના રકતદાતાઓ દ્વારા ૪૩ જેટલી રકત બોટલો એકત્રીત થઈ હતી. આ પ્રસંગે જુનિયર સિટીઝન કાઉન્સિલના સેવક કિરણસિંહ વાઘેલા અને હરેશ શ્રીમાળીએ સેવા આપી હતી તથા સમગ્ર રકતદાન શિબિરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબીબોનો જરુરી સહકાર મળ્યો હતો.

## સાડી વડે ગળે ફાંસો ખાઈ રાંધેજાના યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક આવેલી રાંધેજા ગામમાં રહેતા ૩૫ વર્ષિય યુવાને આજે સાંજના સુમારે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર સાડી વડે ગળે ફાંસો ખાઈ લઈ જીવનલીલા સંકેલી નાંખી હતી. યુવાનના પિતાને આ અંગે જાણ થતા તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

રાંધેજા ગામના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષિય યુવાન ગોકાજી ડાહ્યાજી ઠાકોર આજે સાંજના સુમારે ઘરે એકલો હતો તે દરમ્યાન કોઈ કારણોસર તેણે સાડી વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો. યુવાનના પિતા ઘરે આવ્યા ત્યારે પુત્રને લટકતી હાલતમાં જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા અને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા જો કે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. યુવાને કયા કારણોસર આપઘાત કરી લીધો તે બાબતનું કારણ હજુ સુધી સ્પષ્ટ પણે બહાર આવ્યુ નથી. પેથાપુર પોલીસમથકના જમાદાર લક્ષ્મણભાઈએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ આરંભી છે.

## સરકારી કન્યા છાત્રાલય (અ.જા.)ની વિદ્યાર્થિનીઓએ અંધશાળાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૩માં આવેલી સરકારી કન્યા છાત્રાલય (અ.જા.)ની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં ગાંધીનગરના સેકટર-૧૬માં આવેલી અંધશાળાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન અંધ વિદ્યાર્થીઓની રહેણીકરણી, અભ્યાસ પદ્ધતિને સમજી હતી.

સરકારી કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓમાં સામાજિક સંવેદના અને સહકારની ભાવના પ્રગટ થાય તે આશયથી છાત્રાલયના આસીસ્ટન્ટ લેડી સુપ્રિટેન્ડન્ટ દ્વારા અંધશાળાના વિદ્યાર્થીઓની શુભેચ્છા મુલાકાત યોજવામાં આવી હતી. બહેનોએ આ મુલાકાત દરમિયાન અંધ છાત્રોની અભ્યાસ પદ્ધતિ એવી બ્રેઈલ લીપી રૂબરૂ નિહાળી હતી. વિદ્યાર્થીઓને ઉદ્યોગ કામ, સંગીત કલા અને ઈન્ડોર રમતો જેવી કે ચેસ રમતા નિહાળ્યા હતા. મુલાકાત દરમિયાન કર્મચારીગણનો ઉત્સાહ, વિદ્યાર્થીઓનો વિવેક અને સંચાલકોનો આવકાર ખૂબજ પ્રસંશનીય રહ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૨૫

## તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.

લઘુત્તમ : ૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ઈન્કાર : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
મુંબઈ મિરર : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
ઈન્કાર : ૧૦.૦૦
મુંબઈ મિરર : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૫.૩૦
દબંગ-૨ : ૭.૩૦

: સ્ક્રીન-૫ :
ઈન્કાર : ૫.૦૦ , ૧૦.૦૦
મુંબઈ મિરર : ૨.૩૦, ૭.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બંદૂક : ૯.૧૫, ૨.૪૫, ૧૦.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૫.૧૫
દબંગ -૨ : ૧૨.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
મુંબઈ મિરર :૯.૪૫, ૧૨.૧૫, ૧૦.૧૫
ટેબલ નં.૨૧ :૩.૪૫, ૮.૧૫

### સૂર્યા, વાવોલ

મુંબઈ મિરર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મુંબઈ મિરર : ૧૦.૩૦, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ઈન્કાર : ૪.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧.૦૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
મુંબઈ મિરર : ૧૦,૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### શૈક્ષણિક

- સવારે ૮.૦૦ કલાકે, સેકટર-૧૭માં આવેલ સરસ્વતી શિશુ મંદિરના પરિસર ખાતે સરસ્વતી શિશુ મંદિર ગાંધીનગર દ્વારા બાળકો માટે આનંદ મેળો યોજાશે.
- કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સેકટર-૧૨માં આવેલ સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ હોલ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે, ફસ્ટ ટ્રે ટ્રેનિંગ પ્રોગ્રામ.

## આપની આજ

**મેષ** : આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. વ્યાપાર-વ્યવસાયમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. કૌટુંબિક વિખવાદોનો અંત આવશે.

**વૃષભ** : યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતાઓમાંથી બહાર આવી શકશો.

**મિથુન** : યાત્રા થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ વધારો થઈ શકે છે. વ્યાપાર-રોજગારક્ષેત્રમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે.

**સિંહ** : આજે ઘણા સમયથી અટકેલું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. નોકરીમાં ઉપરી અધિકારીઓનો સાથ-સહકાર મળી રહેશે. લાભનો માર્ગ મોકળો થઈ શકે છે.

**કન્યા** : ઘેરાયેલી કૌટુંબિક સમસ્યાઓથી આજે સુખમય નિરાકરણ આવશે. વ્યાપારક્ષેત્રમાં આવી પડેલી ચિંતા દુર થઈ શકશે.

**તુલા** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફો ઉભી થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. કુટુંબિજનો અને મિત્રોનો સાથ-સહકાર મળવાથી કાર્યમાં પ્રગતિ પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની પ્રસંશા થશે.

**ધન** : વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ - સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : મનોરંજનમાં સમય પસાર થશે. કોઈપણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે.

**મીન** : પુરુષાર્થનું પરિણામ પ્રાપ્ત થઈ થશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે.

## ચિરવિદાય

- સ્વ. દલાભાઈ ઈચ્છાભાઈ રાઠોડ(ઉ.વ. ૮૮) પ્લોટ નં. ૧૫૭૮/૨, સેકટર-૨/સી, ગાંધીનગર.
- સ્વ. લાડીબેન છગનજી ઠાકોર(ઉ.વ. ૮૦) મુ.પો. માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ભાવનાબેન અશોકભાઈ દંતાણી(ઉ.વ. ૧૨)મકાન નં. ૨૬/૧૧૧, શ્રીનગર, સેકટર-૨૪, ગાંધીનગર.